




હરિઃૐ
કન્સેપ્સન વખતે પુરુષ અને સ્ત્રી
વચ્ચેની માનસિક સ્થિતિ-
કેવા પ્રકારની છે,
એના પર બાળકનાં સ્વભાવ અને
જીવનનો આધાર હોય છે.
ગ્રહ-ગ્રહણ. આ-૧,પૃ-૭૪.
- મોટા
www.hariommota.org



હરિઃૐ
ચાર –પાંચ વર્ષના બાળકનું બધું જ કહયું કરવું,
બાળકનું પોતાપણું ખીલવવાને માટે,
એને આગળ આવવાને માટે
આપણે એને ઘણું જ મહત્વ આપવું જોઇએ.
બાળકને મહત્વ મળવાથી સારું લાગે છે
અને બાળકનો વિકાસ થાય છે.
છ વર્ષની ઉમર સુધી પોતાની મેળે
બાળકની બુધ્ધિશકિતનો વધુમાં વધુ
વિકાસ થાય છે.
ગ્રહ-ગ્રહણ. આ-૧,પૃ-૭૭/૯૫.
- મોટા
www.hariommota.org





હરિઃૐ
માતાનું દૂધ જ
બાળકને મળવું જોઇએ.
બહારનું દૂધ બાળકને
આપો એ બરાબર નથી.
ભગવાને આ બધી રચના
શા માટે કરી છે?
તમે ભગવાનની રચનાને ઉડાવી દો છો તે બરાબર નથી.
www.hariommota.org
ગ્રહ-ગ્રહણ. આ-૧,પૃ-૭૬
-મોટા





હરિઃૐ
થતાં કર્મે ખરેખર હો
હૃદયનો ભાવ જેવો તે,
પ્રમાણે તે જ પરિણામ
બધું નિશ્ચિત ફળતું છે.
www.hariommota.org
શ્રી મોટાવાણી-ભાગ-૧૩/૧૪ આ.૨.
- મોટા



હરિઃૐ
માનતા હોઈએ જેને,
તેને વળગી રે'વું તે,
વિઘ્નો,મુશ્કેલી છો આવે,
ત્યારે દ્રઢ વધુ થવું.
www.hariommota.org
તા-૧૫/૧૨/૧૯૬૭. એક સ્વજનને સંબોધન.
- મોટા.


હરિઃૐ
ભગવાન શ્રીકૃષ્ણ એટલા બધાં મહાન કે
એમનાં જેવું વર્તનારું બીજું કોઈ છે નહિ.
એ કાળનો સૌથી મોટો રાજા, વિચારક,
અને એ અર્જુનનો રથ હાંકવાનું કામ કરે છે.
બીજા કોઈને તો પ્રતિષ્ઠા, અહમ આડે આવે.
હું એટલો મોટો રાજા, પ્રજાનો નેતા તે હું કંઈ એનો રથ હાંકું?
બધા રાજાઓની હાજરીમાં માણસોની પતરાળી ઊંચકે,
સામેથી માંગીને લે છે એવાં કામ. બીજા કોઈમાં તાકાત નથી,
એવી નમ્રતા એકમાત્ર કૃષ્ણ ભગવાન માં જ છે.
શેષ-વિશેષ. પૃ-૫૮, આ-૧.
- મોટા
www.hariommota.org


હરિઃૐ
મતભેદ કયાંયે ના જાગે
તે વધુ ઈષ્ટ ને શ્રેયકર.
www.hariommota.org
સંતહૃદય.આ.-૨, પૃ-૧૫૪. - મોટા



હરિઃૐ
જીવનવિકાસ એટલે જ
નિર્મળ પ્રેમનો વિકાસ.
એ હકીકત સાધકે
ભૂલવાની નથી.
www.hariommota.org
સંતહૃદય.આ.-૨, પૃ-૧૦૮. - મોટા


હરિઃૐ
લક્ષ્ય રાખીને, કાળજી રાખીને
હરિસ્મરણનો
વ્યાપાર કર્યા કરજો.
એ જ સાચામાં સાચો અને
મોટામાં મોટો વ્યાપાર છે.
www.hariommota.org
સમય સાથે સમાધાન. આ.-૩.પૃ.-૩૦
- મોટા


હરિઃૐ
સ્વપ્ન એ તો તે તે જીવના સંસ્કારનું પરિણામ છે.
સ્વપ્ન ચિત્તમાં પડેલા સંસ્કારોનું
જ વ્યકત થવાપણું છે.
સ્વપ્નમાંથી આપણે પોતે જીવને શેમાં શેમાં
રાગ, મોહ, કામ, ક્રોધ, મદ, મત્સર,
આશા, ઇચ્છા, લોલુપતા, તૃષ્ણા, વગેરે છે
તેનું સ્પષ્ટ દર્શન કરી શકીએ.
www.hariommota.org
સંતહૃદય.આ.-૨, પૃ-૨૪.
- મોટા





હરિઃૐ
જીવનની અનેક પ્રકારની સમસ્યાઓમાં અને
વિટંબણાંમાંથી મુકિત જો મેળવવી હોય,
તો જીવનને પ્રભુભકિતમાં લગાડવું.
તે જીવનને શાંતિમાં અને પ્રસન્નતામાં
રાખવાની એકમાત્ર ચાવી છે.
સંતહૃદય.આ.-૨, પૃ-૮૪.
-મોટા
www.hariommota.org

હરિઃૐ
મનન એટલે મનમાં મન વડે કરીને
પ્રભુની સ્મરણભાવનામાં જ્ઞાનપૂર્વક
એકાકાર રહેવાયાં જવાય એમ સતત
એકધારું મથ્યાં કરવું તે.
જીવનસોપાન. આ.-૫.પૃ-૧૫૬
પૂજ્ય શ્રીમોટા
www.hariommota.org



યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે.
હરિ:ૐ
જન્મ-પુર્નજન્મ.આ-૧.પૃ-૩૪. - મોટા
www.hariommota.org


હરિ:ૐ
હે પ્રભો તું મને તારો રંગ લગાડવાની
મારા દિલમાં સૂઝ ઉગાડ.”
એવી પ્રાર્થના પણ યોગ્ય
પ્રયત્નથી થતાં થતાં થાય તે ઉત્તમ.
યોગ્ય પ્રકારની ભૂમિકા વિનાની
પ્રાર્થના ઝાંઝવાના નીર જેવી છે.
સંતહૃદય.આ.-૨, પૃ-૧૪૮. - મોટા
www.hariommota.org


હરિઃૐ
અમારે ભેખધારીને તો શ્રીસદગુરુના હુકમનું પ્રેમભકિતપૂવકનું પાલન
એ જ અમારું તો જીવન અને ભોજન.
www.hariommota.org
શ્રીસદગુરુ.આ-૩.પૃ-૨૪
- મોટા


હરિઃૐ
સાધનનો (જપ, સ્મરણ,
પ્રાર્થના, ભજન, કીર્તન)
અભ્યાસ કરતાં કરતાં
નિશ્ચિંતપણું, નિશ્ચિંતતા,
અભય, નિશ્ચયશકિત -
એ બધા ગુણો પ્રગટે છે.
www.hariommota.org
જન્મ-પુનર્જન્મ.આ-૧.પૃ-૩૭.
- મોટા


હરિઃૐ
પૂજ્ય શ્રીમોટા
જેણે અધ્યાત્મિક માર્ગ જવું છે તે જીવે (મનુષ્યે)
પોતની પ્રકૃતિને બરાબર સમજવી ઘટે.
www.hariommota.org
જન્મ-પુર્નજન્મ.આ-૧.પૃ-૩૭. - મોટા


હરિઃૐ
ભાઇ, પ્રાર્થના કરો.
પહેલાં તમારી જે માંગણી હોય
તે વાત કરો. આપણે માંગીએ તે ન પણ મળે.
સંસારમાં આપણે માંગીએ
તે 'મા' ન આપે તો
બાળક કંઇ માંગવાનું છોડી દેતું નથી.
તેવી રીતે ભગવાનની પાસે પ્રાર્થના કરો.
www.hariommota.org
જન્મ-પુર્નજન્મ.આ-૧.પૃ-૩૪ - મોટા




હરિ:ૐ

જે કોઇ માર્ગે માણસ
પોતાનું કર્મ કરતો હોય
તે કર્મમાં એ અણનમ રહેવો જોઇએ.
ગમે તવી સ્થિતિ આવે
ત્યારે નમી ન પડે.
એણે ટટાર, મજબૂત મર્દાનગીથી રહેવું જોઇએ.
આવું આપણે કરીએ ત્યારે કૃપા આપણી મદદે આવે છે.

www.hariommota.org

જન્મ-પુર્નજન્મ. આ-૧.પૃ-૧૯ - મોટા





હરિ:ૐ

જેમ મા વિના છોકરું જીવતું નથી,
તેમ શ્રધ્ધા વિના માણસ જીવી શકે નહિ.
શ્રધ્ધા દેવત્વનું મૂળ છે.
શ્રધ્ધા આપણી પાસે મોટાં કામ કરાવે.

જોડા-જોડ. આ-૧, પૃ-૧૭. - મોટા

www.hariommota.org


www.hariommota.org
હરિ:ૐ
પ્રસન્નતા એ કુદરતી ગુણ નથી.
કેળવાયેલો ગુણ છે.
જયારે 'મારે પ્રસન્નતા કેળવવી છે'
- એવો આપણો દ્રઢ નિશ્ચય, મકકમ નિશ્ચય,
મરણિયો નિશ્ચય પાકો થાય
ત્યારે પ્રસન્નતા કેળવાય.
જોડા-જોડ. આ-૧, પૃ-૨૭ - મોટા
પૂજ્ય શ્રીમોટા


હરિઃૐ
કોઈપણ કાર્યમાં જાગૃતિ રહ્યા સિવાય
તમે આગળ નહિ વધી શકો.
તમારે જે બાબતમાં પ્રગતિ કરવી છે
તે દરેક બાબતમાં તમારી અવેરનેસ
જીવતીજાગતી હોવી જોઈએ.
જોડા-જોડ. આ-૧, પૃ-૨૭ - મોટા
www.hariommota.org


હરિઃૐ
બાળકને માબાપથી છૂટું પાડવું
બિલકુલ યોગ્ય નથી.
માબાપનાં અંતરનું ખરેખરું
વ્હાલ બાળકને જે મળતું નથી માટે
એ ખીલી શકતા નથી.
બાળકોને ખુબ વ્હાલ જોઈએ છે,
બાળકો પ્રેમના એટલા બધાં
ભૂખ્યા અને તરસ્યા હોય છે કે
એ આપણા વિચારમાં પણ નહિ આવી શકે.
ગ્રહ-ગ્રહણ. આ-૧,પૃ-૭૫ - મોટા
www.hariommota.org